જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૩/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૩૧/૧૮

## " કેસવાન માંથી ૯૮ લાખ રૂપિયાની લૂંટ કેસમાં સંડોવાયેલ એક ઇસમની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ "

ગઇ તા.૨૩.૦૨.૨૦૧૮ ના રોજ એસ.જી.હાઇવે રાજપથ ક્લબની બહાર એચ.ડી.એફ.સી બેંકના એ.ટી.એમ.પાસે કેસવાનમાંથી રૂપિયા ૯૮,૧૦,૦૦૦/- ની લૂંટ થયેલ જે બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુ.ર.નં ૪૫/૨૦૧૮ થી ગુનો દાખલ થવા પામેલ જે ગુનાના કામે લૂંટ પ્રકરણમાં ડ્રાઇવર સુધીરકુમાર અખિલેશકુમાર બઘેલ રહેચાંદખેડા તથા ઇટાવા ઉત્તરપ્રદેશની સંડોવણી હોવાની ફરીયાદ થયેલ જે લૂંટ થયા બાદ આરોપીઓ ઉત્તરપ્રદેશ તરફ ભાગી ગયેલ હોવાના સીસી.ટી.વી ફુટેઝો મળેલા જે આધારે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી નાઓએ આરોપીઓને પકડી પાડવા આપેલ સૂચના આધારે સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી , ક્રાઇમ બ્રાન્ચના માર્ગદર્શન હેઠળ અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓએ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.એલ.ચૌધરી નાઓને આરોપી પકડી પાડવા આપેલ સૂચના આધારે તેમના સ્કવોડના પો.સ.ઇ વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ કે.એમ.બેરીયા નાઓની અલગ અલગ બે ટીમો બનાવી તાત્કાલિક અસરથી આરોપીઓની તપાસમાં ઉત્તરપ્રદેશ ખાતે રવાના કરેલ જેઓની સાથે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એલ.ચૌધરી નાઓ સીધા સંપર્કમાં રહી આરોપીઓ શોધી કાઢવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

ઉત્તરપ્રદેશ ખાતે તપાસમાં ગયેલ ટીમોએ એકબીજા સાથે સંકલન રાખી આરોપી સુધીર ઉર્ફે છોટે અખિલેશકુમાર બઘેલ ઉવ.૨૩ રહે.જનતાનગર યાદવ સ્કુલની સામે ચાંદખેડા અમદાવાદ મુળ વતન ગામ કુકપુર નગરીયા પોસ્ટ બીના તાસેફઇ જી.ઇટાવા ઉત્તરપ્રદેશ નાને સુખૈયા નજીકથી ઝડપી લઇ અત્રે લાવી પૂછપરછ કરતા પોતે અગાઉ અબોહર પંજાબ ખાતે સિવીલ હોસ્પીટલમાં એમ્બ્યુલન્સ ચલાવવાની નોકરી કરતો હતો અને પાંચેક માસ પહેલા ચાંદખેડા વિસ્તારમાં રહેતા અને પોતાના વતનની બાજુના ગામના મુકેશકુમાર યાદવ નાએ નોકરી અપાવવાની લાલચ આપી અમદાવાદ ખાતે બોલાવી તેને સી.એમ.એસ.કંપનીમાં કેસવાનની ગાડીના ડ્રાઇવર તરીકે નોકરી અપાવવા સારૂ ઓ.એન.જી.સી.માં નોકરી કરતા ઉદયવીરના નામે સીએમ.એસ.કંપનીના ઉપાધ્યાય સાહેબ સાથે મુકેશકુમાર યાદવે વાત કરી ભલામણ કરી તેમજ ખોટુ પોલીસ વેરીફિકેશન સર્ટી તૈયાર કરી કંપનીમાં આપી ગઇ તા.૦૪.૧૦.૨૦૧૭ થી સી.એમ.એસ.કંપનીમાં કેસવાન ગાડીના ડ્રાઇવર તરીકે નોકરી અપાવેલ અને થોડા સમય નોકરી કર્યા બાદ મુકેશકુમાર યાદવે અગાઉથી રચેલ પ્લાન મુજબ કેસવાનમાંથી નાંણા લૂંટી લેવાનો પ્લાન મુકેશકુમાર યાદવના ઘરે તેની પત્નીની હાજરીમાં કરી ડ્રાઇવર

સુધીરકુમારની નોકરી દરમ્યાન કેસવાનની પાછળ મુકેશકુમાર યાદવ તેના મોટર સાયકલ લઇ ઘણા સમયથી ફરતો અને લૂંટ કરવાનો મોકો શોધી રહેલ હતો પરંતુ કેસવાનમાં હથિયારધારી ગાર્ડ હોય જેના કારણે લૂંટ કરી શકતા નહિ જેથી લૂંટ કરવા માટે ઘેનની ગોળીઓ ખરીદી રેકી મુજબ કેસવાનના માણસો ચા પીવા માટે રોકાતા હોય જેથી તા.૨૩.૦૨.૨૦૧૭ ના રોજ કેસવાન વાડજ ખાતેની ઓફિસથી કેસવાનમાં નાંણા ભરી એટી.એમ સેન્ટરમાં જમા કરવા નિકળતા ડ્રાઇવર સુધીરકુમારે ફોન કરી મુકેશકુમાર યાદવને મોટર સાયકલ સાથે બોલાવી લીધેલ અને વસ્ત્રાપુર વિસ્તારમાં કોટક મહિન્દ્રા તથા આઇ.સી.આઇ.સી.આઇ બેંકના એ.ટી.એમ.મશીન નજીક નજીક આવેલ છે તે જગ્યાની સામેના ભાગે ચાની દુકાન આવેલ હોય અને મુકેશકુમાર યાદવે ચા પીવાનો ઇશારો કરતા ડ્રાઇવર સુધીર કુમારે ગાર્ડ તથા કસ્ટોડિયલો એ.ટી.એમ સેન્ટરમાં નાંણા ભરવા માટે ઉતરતા ચા પાણી કરવા છે તેમ જણાવી તે ચા લેવા માટે ગયેલ અને રચેલા પ્લાન મુજબ મુકેશકુમાર યાદવે ચા ખરીદી તેમાં ઘેનની ગોળીઓ ભેળવી દિધેલ જે ઘેનની ગોળીઓ વાળી ચા ગાર્ડ તથા કસ્ટોડિયલોને પીવડાવેલ અને બીજા એ.ટી.એમ.સેન્ટર ઉપર નાંણા ભરવા જતાં એચડી.એફ.સી બેંકના એસ.જી હાઇવે રાજપથ કલબની બહાર આવેલ એ.ટી.એમ સેન્ટરમાં ગાર્ડ તથા કસ્ટોડિયલો નાંણા ભરવા જતાં ઘેનની ગોળીઓ વાળી ચા પીવાના કારણે એ.ટી.એમ.સેન્ટરમાં બેભાન થઇ જતાં બન્ને જણાએ મળી કેસવાનમાં રાખેલ નાંણા ભરેલ લોખંડની ટ્રંક લઇ મુકેશકુમાર યાદવના મોટર સાયકલ ઉપર ભાગી ગયેલ હોવાની હકીકત જણાવેલ છે.

કેસવાનમાંથી લૂંટ કરેલ તે અગાઉ મુકેશકુમાર યાદવે લૂંટ કર્યા બાદ છૂપાઇ જવા માટે તેમજ મુદ્દામાલ સંતાડી દેવા સારૂ સરખેજ વિસ્તારમાં એક મકાન ભાડે રાખેલ હતુ અને લૂંટ કર્યા બાદ સરખેજ વિસ્તારમાં ભાડે રાખેલ મકાનવાળી જગ્યાએ જતાં ત્યાંહાજર એક મહિલા તેઓને મોટર સાયકલ ઉપર લોખંડનો ટ્રંક લઇ આવેલ હોય તે જોતાં ક્યાંથી ચોરી કરીને લાવેલ છો તેમ કહી ગાળો બોલી ઝઘડો કરવા લાગતા ત્યાંથી ભાગીને રસ્તામાં અવાવરૂ જગ્યા આવતા લોખંડની ટ્રંક તોડી તેમાંના નાંણા થેલામાં ભરી મોટર સાયકલ ઉપર રાજસ્થાન તરફ ભાગી ગયેલ હોવાનું જણાવેલ છે

આ ગુનામાં સંડોવાયેલ મુકેશકુમાર યાદવ અગાઉ આર્મીમાં નોકરી કરતો હોવાનું અને ચારેક વર્ષ નોકરી કર્યા બાદ રોકડ નાંણા તથા આર્મીના વાહનો ચોરી ભાગી આવેલ હોવાનું જાણવા મળેલ છે

લૂંટમાં મળેલ નાંણા સાથે મુકેશકુમાર યાદવ તથા સુધીરકુમાર નાઓ રાજસ્થાના જયપુર સુધી મોટર સાયકલ ઉપર લઇ ગયેલ અને જયપુર નજીક આવતા પોલીસ ચેકિંગના ડરના કારણે મુકેશકુમાર યાદવ નાંણા સાથે અન્ય વાહન મારફતે ગામ કરેલ ખાતે પહોંચેલ અને લૂંટના નાંણા કરેલની કોઇ હોટલમાં છૂપાવી સુધીરકુમારને ભાગી જવાનું જણાવી તે ગુમ થઇ ગયેલ જે લૂંટના નાંણામુકેશકુમાર યાદવ પાસે હોવાનું જાણવા મળેલ છે

સદરી પકડાયેલ ઇસમ પાસેથી લૂંટના નાંણા પૈકી રૂપિયા૧૩૦૦૦ તથા આધારકાર્ડ ઇલેકશન કાર્ડ તથા ડ્રાઇવીંગ લાયસન્સ કબ્જે કરી સદરી ઇસમની તા.૧૭.૦૩.૨૦૧૮ ના ક્લાક ૨૦.૩૦ વાગે ક્રાઇમ બ્રાન્ચ ખાતે ધરપકડ કરવામાં આવેલ છે.આ લૂંટપ્રકરણમાં સીએમ.એસ.કંપનીમાં નોકરી કરતા બીજા માણસોની સંડોવણી હોવાની શકયતા રહેલી છે.આ કામે પકડાયેલ આરોપીને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે સોપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.